RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 13 * Issue No. 16 * Date: 04.11.2026,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

કેદારનાથમાં તાપમાન માઈનસ 8°C:યુપીમાં તાપમાન 8°C સુધી ગગડ્યું, એમપીના ૨૩ જિલ્લાઓમાં આંધી-વરસાદનું એલર્ટ



ઉત્તરાખંડના કેદારનાથમાં સોમવારે થયેલી હિમવર્ષા બાદ મંગળવારે સવારે તાપમાન માઈનસ ટ૯થી નીચે પહોંચી ગયું છે. ઊંચાઈવાળા વિસ્તારોમાં ઠંડી વધવાને કારણે તાપમાનમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. નૈનીતાલ અને ચમોલી જિલ્લામાં આજે વરસાદ થવાની શક્યતા છે. હવામાન વિભાગ અનુસાર, રાજયના બાકીના તમામ જિલ્લાઓમાં હવામાન શુષ્ક રહેશે.મધ્ય પ્રદેશમાં ૩ દિવસ સુધી વાવાઝોડું 'મુરાસુ' અસર કરી શકે છે. મંગળવારે જબલપુર સહિત ૨૩ જિલ્લાઓમાં તોફાન અને વરસાદનું એલર્ટ છે. આ દરમિયાન ૩૦થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

યુપીમાં સતત ૩ દિવસ થયેલા વરસાદ બાદ ઠંડી શરૂ થઈ ગઈ છે. અવધ અને પશ્ચિમ યુપીમાં તડકો નબળો પડવા લાગ્યો છે. દિવસના તાપમાનમાં ૮ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. રાત્રિનું તાપમાન ૧૫ ડિગ્રીથી નીચે પહોંચી ગયું છે.

બંગાળની ખાડીમાં ચક્રવાત 'અર્નબ' બાદ હવે 'મુરાસુ' આવ્યું છે. પરંતુ આ ચક્રવાતની અસર રાજસ્થાનમાં નહીં રહે. રાજસ્થાનમાં દિવાળી સુધી હવામાન સ્વચ્છ રહેશે. દિવસભર તડકો રહેવાને કારણે હવામાન સુખદ રહેશે, જ્યારે રાત્રે હળવી ઠંડી રહેશે. હવામાન નિષ્ણાતોના અનુમાન મુજબ ૧૦ નવેમ્બર સુધી હવામાન સ્વચ્છ રહેવાની શક્યતા છે.યુપીમાં સતત ૩ દિવસ થયેલા વરસાદ બાદ ઠંડી શરૂ થઈ ગઈ છે. હવામાન વિભાગે નવેમ્બરમાં પૂર્વી યુપીના મોટાભાગના વિસ્તારોમાં સામાન્ય અથવા સામાન્ય કરતાં વધુ વરસાદ થવાની શક્યતા વ્યક્ત કરી છે. જ્યારે પશ્ચિમી યુપીમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થવાનું અનુમાન છે.ઉત્તરાખંડના નૈનીતાલ અને ચમોલી જિલ્લામાં આજે વરસાદ થવાની સંભાવના છે. હવામાન વિભાગ અનુસાર, રાજયના બાકીના તમામ જિલ્લાઓમાં હવામાન શુષ્ક રહેશે. સવાર અને સાંજના સમયે હળવી ઠંડી વધશે, જ્યારે દિવસ દરમિયાન તેજસ્વી તડકો રહેવાની સંભાવના છે. હવામાન વિભાગ અનુસાર, દિવાળી એટલે કે ૮ નવેમ્બર સુધી સમગ્ર રાજયમાં હવામાન શુષ્ક રહેશે. આવી સ્થિતિમાં ચારધામ યાત્રા માટે હવામાન અનુકૂળ રહેવાની આશા છે.

હિમાચલની રાજધાની સહિત રાજયના મોટાભાગના વિસ્તારોમાં મંગળવાર સવારથી જ તડકો ખીલેલો છે. પ્રદેશમાં ૮ નવેમ્બર સુધી હવામાન સ્વચ્છ રહેવાની આગાહી છે. હવામાન વિભાગ (ઁસ્ઢ) અનુસાર આગામી છ દિવસ સુધી વરસાદ અને હિમવર્ષાની કોઈ શક્યતા નથી. પહાડો પર આ કારણે હવામાન સુહાવણું રહેશે.પંજાબ અને ચંડીગઢમાં હવામાન સંપૂર્ણપણે હવે ડ્રાય બનેલું છે. આજે (૩ નવેમ્બર) દિવસે તેજ તડકો રહેવાની આગાહી છે. હવામાન વિભાગ મુજબ, રાજયમાં આગામી થોડા દિવસો સુધી વરસાદની સંભાવના નથી. જોકે હવે ઠંડીનો અહેસાસ થવા લાગશે. રાજયના મહત્તમ તાપમાનમાં ૧.૫ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે.હરિયાણામાં નવેમ્બરની શરૂઆત સાથે જ રાત્રિના તાપમાનમાં ઘટાડાનો દોર ચાલુ છે. જોકે દિવસ દરમિયાન હજુ પણ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે.

ટ્રમ્પની 'સમાધાન'ની વાતો વચ્ચે અમેરિકાનો ઈરાનના કેશમ ટાપુ પર ગુપ્ત હુમલો! મિડલ ઈસ્ટમાં ખળભળાટ: રિપોર્ટ

અમેરિકી પ્રમુખ ટ્રમ્પના શાંતિ સમાધાનના સંકેતો વચ્ચે, વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલે ઈરાનના કેશમ ટાપુ પર અમેરિકાના ગુપ્ત હવાઈ હુમલાનો દાવોકર્યોછે.યુએસઅધિકારીઓએ જણાવ્યું કે, મોટા યુદ્ધનો સંકેત ન જાય તે માટે આ હુમલો નાના પાયે કરાયો હતો. જોકે,ઈરાનેહોર્મુઝની સામુદ્રધુનીમાંથી અમેરિકી ડ્રોન કબજે કર્યાનો દાવો કર્યો છે, જે રાજદ્વારીવાટાઘાટોઅનેસમાધાનની વાતો, તો બીજી તરફ રણમેદાનમાં ગુપ્ત મિલિટ્રી ઓપરેશન્સપ મિડલ ઈસ્ટની રાજનીતિ ફરી એકવાર રહસ્યમય અને વિસ્ફોટક વળાંક પર આવીને ઊભી રહી ગઈ છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરમાં તેહરાન સાથે સમાધાન થવાની સંભાવના વ્યક્ત કરી ત ે ન ા ગણતરીનાકલાકોમાંજઅમેરિકાએ ઈરાનના કેશમ ટાપુ પર મર્યાદિત હવાઈ હુમલો કર્યો હોવાના અહેવાલો સામે આવ્યા છે.ટ્રમ્પનું નિવેદનઃ 'ઈરાન સાથે ડીલ શક્ય છે'સોમવારે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટ કરીને સંકેત આપ્યો હતો કે તેહરાન સાથેનું મોટું સમાધાન હજુ પણ શક્ય છે. ટ્રમ્પે દાવો કર્યો હતો કે ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ લગભગ ૧૦ ડોલર ઘટી ગયા છે, જે એક મોટો રેકોર્ડ ઘટાડો છે, અને તેહરાન ઝડપથી સમાધાન ઈચ્છે છેઆ ઉપરાંત, જ્યારે પત્રકારોએ





ટ્રમ્પને પૂછ્યું કે શું તેઓ મંગળવારની અમેરિકી મિડટર્મ ચૂંટણી પછી ઈરાન પર નવા લશ્કરી હુમલા કરવાનું વિચારી રહ્યા છે, ત્યારે તેમણે સ્પષ્ટ શબ્દોમાં ×ના× કહીને તાત્કાલિક લશ્કરી કાર્યવાહીની શક્યતા નકારી કાઢી હતી.ટ્રમ્પના શાંતિપૂર્ણ સંકેતો વચ્ચે ધ વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે વોશિંગ્ટને કેશમ ટાપુ પર ગુપ્ત રીતે હુમલો કર્યો છે. ઈરાનની સત્તાવાર સરકારી મીડિયા એજન્સીઅનુસાર,હોર્મુઝની સામુદ્રધુનીમાં આવેલા અત્યંત મહત્વપૂર્ણ કેશમ ટાપુ પર શ્રેણીબદ્ધ ધડાકા સંભળાયા હતા. યુએસ અધિકારીઓના જણાવ્યા મુજબ, મોટા પાયે યુદ્ધ શરૂ કરવાનો સંકેત ન જાય તે માટે આ હુમલાને ખૂબ જ નાના પાયે અને જાણીજોઈને ગુપ્ત રાખવામાં આવ્યો હતો.ઈરાનનો દાવોઃ અમેરિકન સ્ઘીસ-૧૭૦ ડ્રોન કબજે કયુહુમલાના આ અહેવાલો વચ્ચે ઈરાનનાઈસ્લામિકરિવોલ્યુશનરીગાર્ડ કોર્પ્સની નેવીએ મોટો દાવો કર્યો છે.ઁઈઝ્ર અનુસાર, તેમણે રિકોનિસન્સ અને ડેકોય ડ્રોન કોઈપણ નુકસાન પહોંચાડ્યા વગર સુરક્ષિત રીતે કબજે કરી લીધું છે. આ સાથે ઈરાન દ્વારા કબજે કરાયેલા આવા ડ્રોનની સંખ્યા ૪ પર પહોંચી છે.જૂન મહિનામાં પણ કેશમ ટાપુ પર થયો હતો હુમલોઅમેરિકા દ્વારા કેશમ ટાપુને અગાઉ ૦૨ જૂનના રોજ પણ નિશાન બનાવવામાં આવ્યું હતું. તે સમયે યુએસ સેન્ટ્રલ કમાન્ડ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આ ટાપુ પર ઈરાનનું મિલિટ્રી ગ્રાઉન્ડ કંટ્રોલ સ્ટેશન આવેલું છે, જેનો ઉપયોગ ડ્રોન ઓપરેશન્સ ચલાવવા માટે થતો હતો. આંતરરાષ્ટ્રીય જળસીમામાં જહાજો તરફ છોડવામાં આવતા કાર્યવાહી કરી હતી.



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની શુભેચ્છા મુલાકાતે મુંબઈ સ્થિત જાપાનના કોન્સુલ-જનરલ સુશ્રી સાતો હિતોમી

મુંબઈ ખાતે જાપાનના કોન્સુલ-જનરલ તરીકે પદભાર સંભાળ્યા બાદ ગુજરાતના પ્રવાસે આવેલા સુશ્રી સાતો હિતોમીનું રાજ્યપાલશ્રીએ લોકભવન ખાતે ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ભારતીય અધ્યયન અને રાજનીતિ વિજ્ઞાનમાં નિષ્ણાત એવા સુશ્રી સાતો હિતોમીના બહોળા કૂટનીતિક અનુભવનો ઉલ્લેખ કરતા રાજ્યપાલશ્રીએ આશા વ્યક્ત કરી હતી કે તેમના કાર્યકાળ દરમિયાન ગુજરાત અને જાપાન વચ્ચેના ઔદ્યોગિક, વ્યાપારિક અને સાંસ્કૃતિક સંબંધો વધુ મજબૂત બનશે.બેઠક દરમિયાન ભારત અને જાપાન વચ્ચેના ઐતિહાસિક સંબંધો, ઓટોમોબાઈલ તથા રોબોટિક્સ ટેક્નોલોજી, ઈલેક્ટ્રિક અને હાઈબ્રિડ વાહનો, પ્રાકૃતિક ખેતી, શિક્ષણ વ્યવસ્થા, સ્વાસ્થ્ય તથા સાંસ્કૃતિક આદાન-પ્રદાન જેવા વિવિધ મહત્વપૂર્ણ વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.આ ઉપરાંત જાપાનની



અદ્યતન ઓટોમોબાઈલ ટેક્નોલોજી દ્વારા ગુજરાતના હાસલપુર સ્થિત સુઝુકીના પ્લાન્ટમાં નિર્મિત ઈલેક્ટ્રિક વાહનોની વૈશ્વિક બજારોમાં નિકાસ થઈ રહી છે તેનો વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, પર્યાવરણને અનુકૂળ હાઈબ્રિડ વાહનોની લોકપ્રિયતા અને ફ્યુઅલ એફિશિયન્સી અંગે પણ વિચારોનું આદાન-પ્રદાન થયું હતું.

બેઠકમાં જાપાનની શાળાકીય શિક્ષણ પદ્ધતિ વિશે વિશેષ ચર્ચા થઈ હતી, જ્યાં બાળકો નાનપણથી જ પોતાની શાળાની સ્વચ્છતા જાતે રાખવા, શિસ્ત જાળવવામાં અને આત્મનિર્ભર બનવા ટેવાયેલા હોય છે. આ સંદર્ભમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે આપણા દેશની ગુરુકુલ પરંપરામાં પણ આ જ મૂલ્યોને પ્રાધાન્ય અપાય છે. રાજ્યપાલશ્રીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત અને જાપાનના સંબંધો અત્યંત મજબૂત બન્યા હોવાનું જણાવીને મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ - બુલેટ ટ્રેન પ્રોજેક્ટની પ્રશંસા કરી હતી. તેમણે જાપાનને દેશભક્તિ, કર્તવ્યનિષ્ઠા અને અનુશાસન માટે જાણીતો રાષ્ટ્ર ગણાવીને ગુજરાતમાં જાપાની રોકાણ અને વિકાસ કાર્યો અંગે પ્રશંસા કરી હતી.

તંત્રી લેખ

મોંઘવારી કે મોહભંગ? કોરોના બાદ પહેલીવાર સોનાની આવી હાલત, સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૨૯% ઘટી માંગ

છેલ્લા કેટલાક સમયથી સોનાના ભાવમાં થઈ રહેલા સતત વધારાની સીધી અસર હવે બજારમાં તેની ખરીદી પર સ્પષ્ટપણે જોવા મળી રહી છે. આ વર્ષે ભારતમાં સોનાની કુલ માગ છેલ્લા ૬ વર્ષના સૌથી નીચલા સ્તરે પહોંચી શકે તેવી શક્યતા છે. સોનું વધુ પડતું મોંઘું થઈ જતાં લોકો એકતરફ જ્વેલરી ખરીદવાનું ટાળી રહ્યા છે, તો બીજી તરફ રોકાણના હેતુથી સોનું ખરીદનારાઓ પણ પાછળ હટી રહ્યા છે. 'વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ'(ડબ્લ્યુજીસી)ના તાજેતરના રિપોર્ટ મુજબ, વર્ષ ૨૦૨૬માં ભારતમાં સોનાની કુલ માગ ઘટીને આશરે ૬૫૦ મેટ્રિક ટન જેટલી જ રહી શકે છે. આ ઉપરાંત, આ વર્ષે નબળા ચોમાસાના કારણે ગ્રામીણ વિસ્તારોમાં લોકોની આવકમાં થયેલો ઘટાડો પણ સોનાની ખરીદી ઘટવા પાછળનું એક મુખ્ય કારણ બન્યો છે.

સોનાની ખરીદીમાં આવેલી આ મંદી વર્ષના ત્રીજા ક્વાર્ટરના આંકડાઓમાં પણ સ્પષ્ટપણે દેખાઈ આવી છે. જુલાઈથી સપ્ટેમ્બર દરમિયાન ભારતમાં સોનાની કુલ માગ વાર્ષિક ધોરણે ૨૯ ટકા ઘટીને માત્ર ૧૬૨.૫ મેટ્રિક ટન રહી ગઈ હતી. આ સમયગાળા દરમિયાન જ્વેલરીની ખરીદીમાં ૨૦ ટકાનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે રોકાણ માટે સોનાની ખરીદીમાં પૂરા ૪૦ ટકાનો જંગી ઘટાડો જોવા મળ્યો હતો. આ આંકડા દર્શાવે છે કે ઊંચા ભાવના કારણે માત્ર દાગીના ખરીદનારા જ નહીં, પરંતુ સોનામાં સુરક્ષિત રોકાણ માનનારા રોકાણકારો પણ ખરીદી કરવાથી પાછળ હટ્યા છે.વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના જણાવ્યા અનુસાર, સોનાના ઊંચા ભાવ તેની માગ ઘટવાનું સૌથી મોટું કારણ છે.

પાલનપુર નગરપાલિકાના ચીફ ઓફિસર જીગરભાઈ પટેલ દ્વારા ભુગર્ભ ગટરના મુખ્ય પંપીંગ સ્ટેશનની જમીન ખરીદી બાબતે રૂપિયા ૪૦૦ લાખનુ કૌભાંડ આચરવાનો કારસો રચાયો

પાલનપુર નગરપાલિકાના ભૂગર્ભ ગટર પ્રોજેક્ટ (અમૃત ૨.૦) અંતર્ગત મુખ્ય પંપીગ સ્ટેશન માટે આકેસણ રોડ, લડબી પાસેના સર્વે નંબર ૧૪૬૩ ની જગ્યા ખરીદવાની પ્રક્રિયામાં વ્યાપક ભ્રષ્ટાચાર અને ગેરરીતિ આચરવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. પાલનપુર નગરપાલિકાના ભુગર્ભ ગટર એન્ડ ડ્રેનેજ સમિતિના પૂર્વ ચેરમેન કૌશલ અમૃતલાલ જોષીએ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ લેખિત રજૂઆત કરી આ સમગ્ર પ્રકરણની નિષ્પક્ષ તપાસ (વિજીલન્સ અથવા એસીબી દ્વારા) કરાવી કાયદેસરની ફોજદારી અને ખાતાકીય કાર્યવાહી કરવાની ઉગ્ર માંગ કરી છે.

?૧. સસ્તી જમીન છોડી મોંઘી જમીન ખરીદવાનું મનસ્વી કાવતરું

?પૂર્વ ચેરમેન કૌશલ જોષી દ્વારા મુખ્યમંત્રીશ્રીને મોકલવામાં આવેલ પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, અગાઉ અતિ-વ્યાજબી ૧૧૦૦ ભાવે ઉપલબ્ધ સરવે નંબર ૧૪૫૫ તથા ૧૪૫૬ ની જમીન છોડીને તેના બદલે ૩૦૩૯ ના ભાવની વધુ કિંમતની સર્વે નંબર ૧૪૬૩ ની મોંઘી જમીન ખરીદવાનો મનસ્વી નિર્ણય કરવામાં આવ્યો છે, જેનાથી સરકારી નાણાંની મોટાપાયે પાયમાલી થાય તેમ છે.

?અગાઉના તત્કાલીન મુખ્ય અધિકારી નરેશભાઈ પટેલ તથા સર્વે નંબર ૧૪૫૫ અને ૧૪૫૬ ના જમીન માલિક હિતેશભાઈ બેચરભાઈ પટેલ વચ્ચે થયેલા લેખિત પત્રવ્યવહાર અને સંમતિ મુજબ, આ જમીનનો ભાવ રૂપિયા ૧૧૦૦ થી ૧૧૫૦ પ્રતિ ચોરસ ફૂટ હતો.

?આ જમીન મુખ્ય ગટર લાઈનના પાઈપના છેડાથી એકદમ નજીક આવેલી હોવાથી, પાઈપલાઈન નાખવાનો વધારાનો અંદાજે રૂ. ૮૦ લાખનો ખર્ચ પણ બચી શકે તેમ હતો.

?સર્વે નંબર ૧૪૫૫ અને ૧૪૫૬ નો ભાવ ચોરસ ફૂટના રૂ. ૧૧૦૦ લેખે કુલ કિંમત રૂપિયા ૨,૨૭,૧૨,૮૦૦ થાય છે. આ અંગેની ઓફર જમીન માલિક હિતેશભાઈ બેચરભાઈ પટેલ દ્વારા તા. ૦૯/૦૯/૨૦૨૪ તેમજ તા. ૦૯/૧૨/૨૦૨૪ ના રોજ લેખિત પત્ર દ્વારા આપવામાં આવી હતી.?જાન્યુઆરી ૨૦૨૫ માં બદલી થઈને આવેલા મુખ્ય અધિકારી જીગરભાઈ પટેલે આ સસ્તી જમીન ખરીદવાનો ઈનકાર કરી દીધો હતો અને ત્યારબાદ સર્વે નંબર ૧૪૬૩ ના જમીન માલિકો અશરફભાઈ હનિફભાઈ જુણકીયા તથા બીજાઓ સાથે સાઠગાંઠ કરી મોંઘા ભાવની જમીન ખરીદવાનું ષડયંત્ર રચ્યું હતું.

?૨. કરોડો રૂપિયાના આર્થિક નુકસાન અને ભ્રામક અહેવાલનો પર્દાફાશ

?પત્રમાં જણાવાયું છે કે સર્વે નંબર ૧૪૬૩ ની જમીનની વેલ્યુએશન તા. ૨૯/૧૧/૨૦૨૫ ના રોજ ૧૯૧૯ મીટર એટલે કે ૨૦,૬૪૮ ચોરસ ફૂટના હિસાબે રૂપિયા ૬,૨૭,૫૧,૩૦૦ નું મૂલ્યાંકન એજન્સી દ્વારા કરવામાં આવ્યું છે, જેથી ચોરસ ફૂટનો ભાવ ૩૦૩૯ રૂપિયા ગણાય છે. વળી, આ જમીન પાઈપલાઈનના છેડાથી દૂર આવેલી હોવાથી પાઈપલાઈન નાખવાનો અંદાજિત રૂ. ૮૦ લાખનો વધારાનો ખર્ચ પણ થાય તેમ છે.

?જો સર્વે નંબર ૧૪૫૫ અને ૧૪૫૬ ની વ્યાજબી ભાવની જમીન ખરીદવામાં આવે તો સરકારશ્રીને કુલ રૂપિયા ૪,૮૦,૩૮,૫૦૦ (ચાર કરોડ એસી લાખ અડત્રીસ હજાર પાંચસો) નો અધધ ફાયદો થઈ શકે તેમ છે. પાલનપુર નગરપાલિકાના વિકાસ નકશામાં સર્વે નંબર ૧૪૫૫ ની જમીન પંપીગ સ્ટેશન બનાવવા માટે રિઝર્વેશનમાં મૂકવામાં આવેલ છે જે સાબિત કરે છે કે પંપીગ સ્ટેશન માટે આ જગ્યા સંપૂર્ણ અનુકૂળ હતી.

?૩. રાજકીય દબાણ અને ખોટા અહેવાલ રજૂ કરવા અંગે : ?કૌશલ જોષી ના જણાવ્યા મુજબ, સર્વે નંબર ૧૪૫૫, ૧૪૫૬ ના જમીન માલિક હિતેશભાઈ બેચરભાઈ પટેલે પાલનપુરના ધારાસભ્ય અનિકેતભાઈ ઠાકર સાથે હાઈવે સર્કિટ હાઉસ ખાતે મીટીંગ કરી પંપીગ સ્ટેશનની જગ્યા રૂ. ૧૧૦૦ થી ૧૧૫૦ ના ભાવે આપવા તૈયાર હોવાનું જણાવી તમામ પત્રો બતાવ્યા હતા, પરંતુ ધારાસભ્યશ્રીએ આ વ્યાજબી ભાવની જમીન બાબતે કોઈ રસ લીધો ન હતો. આના બદલે સર્વે નંબર ૧૪૬૩ ની મોંઘા ભાવની જમીન ખરીદવામાં ધારાસભ્ય શ્રી રસ લઈ અધિકારીઓ ઉપર રાજકીય પ્રેશર કરી રહ્યા છે.

?આ અંગે અગાઉ કલેક્ટર શ્રી બનાસકાંઠા, પ્રાદેશિક કમિશનર શ્રી ગાંધીનગર, જી.યુ.ડી.સી. અને જી.યુ.ડી.એમ.ના અધિકારીઓને તા. ૦૧/૦૮/૨૦૨૬ ના રોજ લેખિત રજૂઆત કરવામાં આવી હોવા છતાં ધારાસભ્યના રાજકીય દબાણને કારણે કોઈ નિર્ણય અધિકારીઓ લઈ શકતા નથી.

?વધુમાં, મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા માંગવામાં આવેલા અહેવાલના સંદર્ભમાં, પાલનપુર નગરપાલિકાના મુખ્ય અધિકારી જીગરભાઈ પટેલ રજા પર હોવાથી ડીસા નગરપાલિકાના મુખ્ય અધિકારી ચંદ્રકાંતભાઈ દેસાઈને ચાર્જ સોંપાયેલો હોવા છતાં, પાલનપુર નગરપાલિકાના ઓફિસ સુપ્રિટેન્ડેન્ટ દ્વારા મુખ્ય અધિકારીનો હોદો વાપરીને તા. ૨૭/૧૦/૨૦૨૬ ના રોજ એક ખોટો, અધૂરો અને ગેરમાર્ગે દોરનારો અહેવાલ નાયબ કલેક્ટરશ્રી (જનસંપર્ક) સમક્ષ રજૂ કરવામાં આવ્યો છે.

?આ ગંભીર કૌભાંડમાં સંડોવાયેલા જવાબદાર અધિકારીઓ અને પદાધિકારીઓ સામે નિષ્પક્ષ એજન્સી દ્વારા તપાસ કરી કડક ફોજદારી અને ખાતાકીય કાર્યવાહી કરવામાં આવે તેવી પૂર્વ ચેરમેન કૌશલ જોષી દ્વારા મુખ્યમંત્રી શ્રી ને રજૂઆત કરવામાં આવી છે.

ઈન્ડિયન નેવીએ લૂંટારાઓના કબજામાંથી ઈરાની જહાજને બચાવ્યું:સોમાલિયાના લૂંટારાઓએ ક્રૂના ૨૦ લોકોનું અપહરણ કર્યું હતું; મુંબઈથી ૩૦૦૦ કિમી દૂર ઓપરેશન







ભારતીય નૌકાદળે સોમાલિયાઈ દરિયાઈ લૂંટારાઓના કબજામાંથી માછીમારીનું જહાજ અજિની છોડાવ્યું. નૌકાદળે જહાજના ૨૦ ઈરાની ક્રૂ સભ્યોને સુરક્ષિત રીતે બચાવ્યા હતા.આ ઓપરેશન સોમવારે પૂર્ણ થયું. ૧૨ હથિયારધારી દરિયાઈ લૂંટારાઓએ ગુરુવારે સોમાલિયાના ઉત્તર-પૂર્વીય કિનારે જહાજનું અપહરણ કર્યું હતું.

મુંબઈથી ૩,૦૦૦ કિમીથી વધુ દૂર ચાલેલા ૪૮ કલાકના ઓપરેશનમાં ભારતીય વાયુસેનાએ પણ મદદ કરી.ભારતીય નૌકાદળે અજિનીને શોધીને અટકાવ્યું. ત્યારબાદ જહાજ અને તેના ક્રૂને દરિયાઈ લૂંટારાઓ પાસેથી છોડાવવામાં આવ્યું.

રક્ષા મંત્રી રાજનાથ સિંહે ભારતીય નૌકાદળને સફળ ઑપરેશન માટે અભિનંદન આપ્યા. તેમણે કહ્યું કે ભારતીય વાયુસેનાએ સમયસર મદદ કરી.આશંકા હતી કે લૂંટારુઓ તેનો ઉપયોગ વેપારી જહાજો પર વધુ હુમલા કરવા માટે કરશે.અધિકારીઓના જણાવ્યા મુજબ, અપહરણ સમયે જહાજ પર ૨૧ ઈરાની ક્રૂ સભ્યો અને બે સોમાલી સુરક્ષા ગાર્ડ હતા. આ રીતે જહાજ પર કુલ ૨૩ લોકો સવાર હતા.

અજિનીનું અપહરણ એડનની ખાડી અને પશ્ચિમ હિન્દ મહાસાગરમાં સોમાલીની દરિયાઈ લૂંટની ઘટનાઓ વધવા વચ્ચે થયું. હાલના મહિનાઓમાં અનેક વેપારી જહાજો પર હુમલા થયા છે.૨૯ માર્ચ ૨૦૨૪: ૧૨ કલાકના સચોટ અભિયાનમાં નેવીએ ઈરાની જહાજ 'અલ-કંબર'ને ૯ લૂંટારુઓના ચંગુલમાંથી છોડાવીને તમામ ૨૩ પાકિસ્તાની નાગરિકોને બચાવ્યા.૧૬ માર્ચ ૨૦૨૪: ૪૦ કલાક ચાલેલા મોટા ઓપરેશનમાં માર્કોસ કમાન્ડોએ ૩૫ સોમાલી લૂંટારાઓને આત્મસમર્પણ કરાવ્યું અને બંધક બનાવાયેલા માલવાહક જહાજ 'એમવી રુએન'માંથી ૧૭ લોકોને મુક્ત કરાવ્યા.૨૯ જાન્યુઆરી ૨૦૨૪: આઈએનએસ સુમિત્રાએ સોમાલિયાના કિનારે ૧૧ હથિયારધારી દરિયાઈ લૂંટારાઓને ઘેરીને માછીમારીના જહાજ 'અલ-નઈમી'ના ૧૯ ક્રૂ સભ્યોને સુરક્ષિત રીતે બચાવ્યા.

જ્યાં વ્યવસ્થા વધી,ત્યાં ભાવ ઘટ્યો...અને જ્યાં ભાવ ઘટ્યો, ત્યાં ભગવાન પણ છૂટી ગયા

જંગલમાં એક સિંહે કારખાનું શરૂ કર્યું. તેમાં કામ કરતી હતી માત્ર કીડીઓ. કોઈ મેનેજર નહોતો, કોઈ રિપોર્ટ નહોતો,કોઈ મીટિંગ નહોતી. છતાં કારખાનું સુવ્યવસ્થિત ચાલતું હતું કીડીઓ સમયસર આવતી પોતાનું કામ કરતી,અને સાંજે શાંતિથી ઘરે જતી.પછી સિંહને એક વિચાર આવ્યો,વિચાર નાનો હતો, પણ તેણે આખું કારખાનું બદલી નાખ્યું. તેણે વિચાર્યું,જો આટલું સારું કામ થાય છે,તો કોઈ નિષ્ણાત ની દેખરેખ હેઠળ તો હજુ વધારે સારું થશે.બસ,ત્યાંથી શરૂ થઈ એક લાંબી સાંકળ.મેનેજર તરીકે મધ માખી આવી.સેક્રેટરી તરીકે સસલું આવ્યું.કમ્પ્યુટર વિભાગ માટે બિલાડી આવી. મૂલ્યાંકન માટે વાંદરો આવ્યો.તપાસ માટે ઘુવડ આવ્યો.

અંતે ઘુવડનો રિપોર્ટ આવ્યો કે, કારખાનામાં જરૂર કરતાં વધારે માણસો છે.જે કીડીઓએ કારખાનું ઊભું કર્યું હતું,તે જ કીડીઓ હવે બોજ લાગવા માંડી.આ વાર્તા માત્ર એક કારખાનાની નથી.આ વાર્તા આપણા જીવનની છે.આપણા મનની છે. આપણા સમાજની છે. અને સૌથી વધારે તો આપણી સાધનાની છે.આપણે બધા ક્યાંક ને ક્યાંક આ સિંહ જેવા જ છીએ.

કીડી કોઈને બતાવવા માટે કામ નથી કરતી. તેને કોઈ પ્રમાણપત્ર જોઈતું નથી. તેને કોઈ તાળીઓ જોઈતી નથી. તેનો સ્વભાવ જ કામ છે. તે ચાલે છે, ઉપાડે છે, મૂકે છે, ફરી ચાલે છે.

આપણા આત્માનો પણ મૂળ સ્વભાવ આવો જ છે. સહજ, સરળ,નિરાભિમાની.જ્યારે બાળક નાનું હોય છે ત્યારે તે કીડી જેવું હોય છે. તે હસે છે કારણ કે હસવું આવે છે. તે રમે છે કારણ કે રમવું ગમે છે. તેને કોઈ હેતુ સાબિત કરવાનો નથી હોતો.

ભક્તિના માર્ગમાં પણ શરૂઆત આવી જ હોય છે. માણસ પ્રાર્થના કરે છે કારણ કે હૃદયમાં ભાવ આવે છે.તે મંદિર જાય છે કારણ કે મન શાંત થાય છે. તે સેવા કરે છે કારણ કે સેવા કરવી ગમે છે.પણ પછી ધીમે ધીમે આપણી અંદરનો સિંહ જાગે છે. તેને બધું વધારે સારું, વધારે મોટું,વધારે વ્યવસ્થિત જોઈએ છે. અને ત્યાંથી જ ગડબડ શરૂ થાય છે.

કીડીને ખબર છે કે, તે નાની છે. એટલે જ તે મોટી છે. તેને પોતાની નાનકડી શક્તિનો અહંકાર નથી. તે માત્ર પોતાના ભાગનું કામ કરે છે. આ જ સાચો કર્મયોગ છે.

સિંહ ખરાબ નથી.સિંહનો ઈરાદો પણ ખરાબ નહોતો.તેને તો ફક્ત વધારે સારું કરવું હતું.પણ અહીં જઆધ્યાત્મિક રહસ્ય છુપાયેલું છે.અહંકાર હંમેશા ખરાબ ઈરાદાથી નથી આવતો. તે ઘણી વખત સારા ઈરાદાના વસ્ત્રો પહેરીને આવે છે.હું વધારે સારું કરું,હું વધારે વ્યવસ્થિત બનું,હું બધું સંભાળી લઉં. આ જ વિચાર ધીમે ધીમે મનનું કારખાનું બગાડે છે. આપણે જીવનમાં પણ આવું જ કરીએ છીએ.શરૂઆતમાં પ્રેમ સહજ હોય છે. પછી આપણે તેને નિયમોમાં બાંધી એ છીએ. શરૂઆતમાં ધ્યાન સહજ હોય છે. પછી આપણે તેના માટે એપ, ટાઈમર, ચાર્ટ, રિપોર્ટ બનાવીએ છીએ. શરૂઆતમાં સેવા સહજ હોય છે. પછી આપણે તેનો ફોટો, હિસાબ, પ્રચાર શરૂ કરીએ છીએ.

વ્યવસ્થા જરૂરી છે,પણ જ્યારે વ્યવસ્થા જ ધ્યેય બની જાય,ત્યારે મૂળ કામ છૂટી જાય છે.

ગીતામાં કહ્યું છે તેમ,કર્મ કરો,પણ કર્મના ફળની આસક્તિમાં ન ફસાઓ. કીડી આ જ કરી રહી હતી. તે કર્મયોગી હતી.સિંહે તેને કર્મયોગમાંથી કર્મચારી બનાવી દીધી.

સિંહને એ સમજાયું નહીં કે, કેટલીક વસ્તુઓ દેખરેખ વગર જ વધારે સારી ચાલે છે. જેમ શ્વાસ ચાલે છે. જેમ હૃદય ધબકે છે. જેમ નદી વહે છે. તેમને મેનેજરની જરૂર નથી હોતી. તેમને માત્ર વિશ્વાસની જરૂર હોય છે. વાર્તામાં મધમાખી એટલે બુદ્ધિ નો દેખાડો. તેને અનુભવ છે, તે રિપોર્ટ લખી શકે છે.પણ તે કામ કરી શકતી નથી,કામ વિશે લખી શકે છે.

આપણા મનમાં પણ આવી મધમાખીઓ રોજ આવે છે. એક વિચાર આવે છે કે, મારે રોજ પાંચ વાગ્યે ઉઠવું જોઈએ. બીજો વિચાર આવે છે કે, તેનો ચાર્ટ બનાવવો જોઈએ. ત્રીજો વિચાર આવે છે કે, તેને કોઈને બતાવવું જોઈએ.સસલું એટલેઉતાવળ બિલાડી એટલે સાધનોનો મોહ.વાંદરો એટલે દરેક વસ્તુનું મૂલ્યાંકન કરવાની ટેવ.

આપણે સાધના કરતા હોઈએ પણ મન સતત પૂછતું રહે છે. કેટલી માળા થઈ?કેટલી મિનિટ ધ્યાન થયું? ગઈ કાલ કરતાં આજે સારું થયું કે ખરાબ?આ પ્રશ્નો જ સાધનાને અટકાવે છે.

એક સંત કહેતા, માળા ફેરવતા હાથને ગણવાનું કહેશો તો માળા અટકી જશે. ભક્તિ ગણવાથી નથી વધતી, ભૂલવાથી વધે છે. પોતાને ભૂલી જવાથી વધે છે.જ્યારે કીડીને કાગળ કામમાં નાખવામાં આવી, ત્યારે તેનું મુખ્ય કામ છૂટી ગયું. આજે આપણી પણ એ જ સ્થિતિ છે.આપણે જીવન જીવવાને બદલે જીવનનો હિસાબ રાખવામાં વ્યસ્ત થઈ ગયા છીએ.આપણે પ્રેમ કરવાને બદલે પ્રેમ સાબિત કરવામાં વ્યસ્ત છીએ.આપણે શાંતિ અનુભવવાને બદલે શાંતિ માપવામાં વ્યસ્ત છીએ.

એક વખત એક શિષ્યએ ગુરુને પૂછ્યું,ગુરુજી,મને ધ્યાનમાં શાંતિ કેમ નથી મળતી? ગુરુએ હસીને કહ્યું, કારણ કે તું ધ્યાન કરવા બેસે છે, પણ સાથે સાથે તારી શાંતિ માપવાનું મશીન પણ લઈને બેસે છે. મશીન મૂકી દે,શાંતિ મળી જશે.

આપણું મન પણ એવું જ છે. તેને બધું માપવું છે,બધું સાબિત કરવું છે.વાર્તાનો સૌથી કરુણ ભાગ અંત માં આવે છે.ત્રણ મહિના પછી ઘુવડ કહે છે,માણસો વધારે છે,કાઢી મૂકો જે કીડીઓએ કારખાનું ચલાવ્યું, તે જ હવે વધારાની લાગે છે.આ આધ્યાત્મિક દૃષ્ટિએ ખૂબ ઊંડો સંકેત છે. જ્યારે આપણે જીવનમાં બિન જરૂરી વ્યવસ્થાઓ ઊભી કરીએ છીએ,ત્યારે અંતે આપણને આપણો મૂળ આત્મા જ ભારે લાગવા માંડેછે આપણને લાગે છેકે,શ્રદ્ધા વધારે છે, ભાવ વધારે છે, સરળતા વધારે છે. આપણે તેને કાપવા માંડીએ છીએ.

આજે ઘણા લોકો કહે છે,મને પૂજા માં મન નથી લાગતું.મને ધ્યાનમાં શાંતિ નથી મળતી.કારણ શું છે?કારણએ છે કે,તેમના મનના કાર ખાનામાં ઘુવડો બેસી ગયા છે. દરેક ભાવની તપાસ થાય છે.દરેક અનુભવનો રિપોર્ટ માંગવામાં આવે છે.

અધ્યાત્મમાં સૌથી મોટો શત્રુ શંકા નથી, સૌથી મોટો શત્રુ વધુ પડતું વિશ્લેષણ છે. જ્યાં સુધી આપણે દરેક વસ્તુને સમજવા માંગીશું, ત્યાં સુધી આપણે કશું અનુભવી શકીશું નહીં.નદીને સમજવા માટે તેમાં ઉતરવું પડે,તેનો નકશો બનાવવાથી નહીં. પ્રેમને સમજવા માટે પ્રેમ કરવો પડે,તેની વ્યાખ્યા બનાવવાથી નહીં. ઈશ્વરને સમજવા માટે તેની સામે ઝૂકવું પડે, તેના વિશે ચર્ચા કરવાથી નહીં.

આ વાર્તા જેવી જ એક બીજી કથા યાદ આવે છે. એક ગામમાં એક નાનકડું મંદિર હતું. એક વૃદ્ધ માજી રોજ સવારે આવીને દીવો કરતા, ફૂલ ચડાવતા,અને શાંતિથી બેસતા. મંદિરમાં કોઈ ટ્રસ્ટ નહોતું, કોઈ હિસાબ નહોતો, પણ મંદિરમાં શાંતિ હતી.

એક દિવસ ગામના લોકોને થયું, મંદિરને વ્યવસ્થિત કરી એ.ટ્રસ્ટ બન્યું.સેક્રેટરી આવ્યા. હિસાબનીસ આવ્યા. દાનની પહોંચો છપાઈ. મીટિંગો શરૂ થઈ.

થોડા મહિના પછી માજી આવતા બંધ થઈ ગયા.કોઈએ પૂછ્યું,માજી, કેમ નથી આવતા? માજીએ કહ્યું, બેટા,પહેલા મંદિરમાં ભગવાન હતા, હવે ત્યાં હિસાબ છે.મને હિસાબમાં ભગવાન દેખાતા નથી.

આ કથા પણ એ જ કહે છે.જ્યાં વ્યવસ્થા વધી જાય, ત્યાં ભાવ ઘટી જાય. જ્યાં દેખાડો વધી જાય, ત્યાં દર્શન ઘટી જાય.તો ઉપાય શું છે? શું આપણે વ્યવસ્થા છોડી દેવી? શું આપણે કામ છોડી દેવું?ના.

ઉપાય છે,મૂળ તરફ પાછા ફરવું.

કીડી બનવું એટલે નાના બનવું નહીં, સહજ બનવું. પોતાનું કામ પ્રેમથી કરવું, પણ તેના બદલામાં કંઈ માંગવું નહીં. સેવા કરવી, પણ તેનો હિસાબ ન રાખવો. પ્રાર્થના કરવી, પણ તેનું પ્રદર્શન ન કરવું.

ભગવાનને મોટા મંદિરો નથી જોઈતા, મોટા રિપોર્ટ નથી જોઈતા. તેને તો માત્ર એક નિષ્કપટ હૃદય જોઈએ છે. જેવું કીડીનું હોય છે.

જો તમારું મન પણ આજે સિંહના કારખાના જેવું થઈ ગયું હોય, તો થોડી આભાર - નિહારીકા રવિયા વાર રોકાઓ. જુઓ, તમારી અંદર કેટલી મધમાખીઓ, કેટલા સસલાં,કેટલી બિલાડીઓ બેસી ગઈ છે.તેમને ધીમેથી વિદાય આપો.

ફરી એક વાર કીડી બનો. ચૂપચાપ, શાંતિથી, પ્રેમથી પોતાનું કામ કરો. કોઈને બતાવ્યા વગર સારું કરો. કોઈ પુરાવા વગર શ્રદ્ધા રાખો. કારણ કે અંતે,ઈશ્વર કીડીની મહેનત જુએ છે, સિંહનો રિપોર્ટ નહીં. તે હૃદયની નિષ્ઠા જુએ છે, કાગળની સંખ્યા નહીં.

જે દિવસે આપણે સમજી જઈશું કે, ઓછું એ જ વધારે છે, સરળ એ જ સુંદર છે, અને મૌન એ જ સૌથી મોટી પ્રાર્થના છે, તે દિવસે આપણા જીવનનું કારખાનું ફરી ચાલવામાંડશે કોઈ મેનેજર વગર,કોઈ રિપોર્ટવગર માત્ર પ્રેમથી.

જીવનને વધારે વ્યવસ્થિત કરવાના ચક્કરમાં આપણે જીવનને જ ગુમાવી ન દઈએ,તેનું ધ્યાન રાખીએ. કીડી જેવા બનીએ,તો સિંહ જેવા બનવાની જરૂર નહીં પડે.કારણ કે સાચી સફળતા એ નથી કે,આપણી પાસે કેટલા લોકો કામ કરે છે.સાચી સફળતા એ છે કે,આપણા મનમાં કેટલી શાંતિ છે.

★યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ થરા તા ઓગડ જિ બનાસકાંઠા



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS NO 166
વિષય :-પ્રકાશનું પર્વ અને સંસ્કૃતિનો વારસો
શીર્ષક :- ઉજાશનો સંદેશ
પ્રકાર- પદ્ય શબ્દો - ૮૦

દીપોથી ઝળહળતું આંગણું સંસ્કૃતિનો વારસો છે,
પ્રકાશના પર્વમાં ભારતનો, ગજબનો હુલાસો છે.

અંધારાને દૂર કરીને ઉજાસનો આપે છે સંદેશ,
દિવાળીના દરેક દીપોમાં, પ્રેમનો મીઠો નિવાસો છે.

રંગોળીના રંગોમાં સંસ્કારની મહેકે છે સુગંધ,
પરંપરાના દરેક રંગમાં, ઈતિહાસનો પરિભાસો છે.

મીઠાઈની મીઠાશમાં સંબંધોની મીઠી છે લાગણી,
સ્નેહના આ પર્વમાં હૈયાનો અનેરો ઉલ્લાસો છે.

વડીલોના આશીર્વાદે બની જાય છે જીવન પાવન,
સંસ્કૃતિના આ વારસામાં, જ્ઞાનના ઘણા પ્રકાશો છે.

"મુરલી" જાળવજો આ ધરોહર યુગો યુગો સુધી,
દીપાવલી માત્ર પર્વ નથી, સૌના લહેરાતા શ્વાસો છે.

રચનાઃ-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જૂનાગઢ)
★★★★★★
NOG SS:--419
વિષયઃ--પ્રકાશનું પર્વ અને સંસ્કૃતિનો વારસો
શિર્ષકઃ-માટીના કોડિયાથી હૃદયના અજવાળા સુધી
પ્રકારઃ--ગર્દ્ય
શબ્દોઃ--૨૧૫

?દીપોત્સવ એટલે કે દિવાળી, આ શબ્દ માત્ર એક તહેવાર પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે ભારતીય સનાતન સંસ્કૃતિની ચેતના, ઉજાસ અને આધ્યાત્મિક સમૃદ્ધિનો જીવંત દસ્તાવેજ છે. જ્યારે શરદઋતુના હળવા શીતળ વાતાવરણમાં ઘર-આંગણે દીવા પ્રગટે છે, ત્યારે તે માત્ર અંધકારને નથી હટાવતા, પરંતુ માનવમનમાં રહેલા અજ્ઞાન અને અહંકારના તમસને પણ દૂર કરે છે. આ પર્વ આપણી પેઢી દર પેઢી ચાલી આવતી સંસ્કૃતિ અને સંસ્કારોનો અમૂલ્ય વારસો છે.
?આપણી સંસ્કૃતિનો ઇતિહાસ ઉત્સવપ્રિયતા અને સામૂહિકતાથી ભરેલો છે. દિવાળીનો પ્રત્યેક દિવસ આપણા વારસાના કોઈને કોઈ અનોખા મૂલ્યને ઉજાગર કરે છે. ધનતેરસના દિવસે સ્વાસ્થ્ય અને સમૃદ્ધિની પૂજા થાય છે, કાળી ચૌદસ નકારાત્મક ઊર્જા અને બુરાઈના નાશનું પ્રતીક છે, તો દિવાળીનો મુખ્ય દિવસ અજ્ઞાન પર જ્ઞાનની, અસત્ય પર સત્યની અને અંધકાર પર પ્રકાશની શાશ્વત જીતની ઘોષણા કરે છે. આ તમામ બાબતો આપણને આપણા મૂળ સાથે જોડે છે અને સંસ્કૃતિના સાચા અર્થ સમજાવે છે.
?આધુનિક યુગમાં ભલે આપણી જીવનશૈલી બદલાઈ હોય, ફટાકડાના ધુમાડા અને પ્લાસ્ટિકની રોશનીએ દીવાના અસલી પ્રાણભૂત પ્રકાશને ઝાંખો પાડવાનો પ્રયત્ન કર્યો હોય, પરંતુ માટીના કોડિયામાં પુરાયેલું તેલ અને કપાસની વાટનો સંબંધ ક્યારેય જૂનો નથી થતો. તે માટીનો દીવો આપણને આપણી માટી સાથે અને પર્યાવરણ સાથે જોડે છે. આ વારસાને જીવંત રાખવો એ આપણી નૈતિક ફરજ છે.
?ચાલો, આ પ્રકાશના પર્વે આપણે એવો સંકલ્પ કરીએ કે કેવળ બાહ્ય રોશનીથી નહીં, પરંતુ આપણા આચરણ, વિચારો અને સદ્ગુણોથી સમાજમાં ઉજાસ ફેલાવીએ. આપણી સંસ્કૃતિના આ પવિત્ર વારસાને ગૌરવભેર અપનાવીને આવનારી પેઢી સુધી તેને અક્ષુણ રાખીએ, જેથી દિવાળીનો સાચો દીવો દરેક હૃદયમાં પ્રજ્વલિત થતો રહે.

અક્ષય.ડી.રામી/માલી
રાજપીપળા
★★★★★★★
NOG SS:: 411
વિષયઃ પ્રકાશનું પર્વ ને સંસ્કૃતિનો વારસો
પ્રકારઃપદ્ય
શબ્દ સંખ્યાઃ ૧૦૫
શીર્ષકઃ દિવાળી

બળે છે દીપ ત્યાં અંધકાર પણ લાચાર લાગે છે,
આ પર્વે સ્નેહનો દરિયો અપરંપાર લાગે છે.

નથી માટી ફક્ત આ કોડિયું, શ્રદ્ધાનું એ ઘર છે,
ઝળહળતી જ્યોતમાં ઈશ્વરી વિસ્તાર લાગે છે.

વિસારી વેર, જ્યારે હેતથી ભેટે પરસ્પર સૌ,
હૃદયના આંગણે ઉત્સવનો ધબકાર લાગે છે.

નથી રંગોળી કેવળ ધૂળ પર દોરેલી રેખાઓ,
એમાં લાગણીનો દિવ્ય શણગાર લાગે છે.

પ્રગટે દીપ જો કોઈ નિરાશાના તિમિરની વચ્ચે,
ખરેખર એ જ લક્ષ્મીનો અવતાર લાગે છે.

મીઠાઈની સાથોસાથ વાણીમાં મીઠાશ ભળે,
જીવન પછી અમૃતમય ઉપહાર લાગે છે.

હરાવી ઘોર અંધારાને, અજવાસ જીતી જાય છે,
દિવાળી એટલે ઉમ્મીદનો ઝણકાર લાગે છે.

નંદકિશોર સંજાણવાલા, મુંબઈ
★★★★★★★
NOG SS No : 412
વિષય : દીવાળીઃપ્રકાશનું પર્વ અને સંસ્કૃતિ વારસો
શીર્ષક : સબરસ
પ્રકાર : પદ્ય
શબ્દો : ૯૦

દીવડાંની હારમાં ઝળહળે સંસ્કૃતિનો વારસો,
સબરસના શબ્દોમાં છલકે લાગણીઓનો સરવાળો.
પાંચ દિવસનો ઉત્સવ, પરિવારનો મેળાવડો,
વડીલોના આશીર્વાદે ખીલે સ્નેહનો માળો.

પિતરાઈ ભાઈ-બહેનોની મસ્તી ને મીઠી વાતો,
આંગણે રંગોળી સાથે સજતી ખુશીઓની રાતો.

માટીના દીવડામાં પરંપરાની પવિત્ર જ્યોત,
સબરસના સાહિત્યમાં સંસ્કારની મીઠી સુવાસ.

આજે મેસેજમાં શુભેચ્છા, મુલાકાતો થઈ છે ઓછી,
સગવડો વધી ગઈ, પણ આત્મીયતા લાગે થોડી.

ફટાકડા વિના પણ દિવાળી અજવાળી બની શકે,
પશુ-પંખીની શાંતિમાં સાચો ઉત્સવ ભરી શકે.

સબરસના શબ્દે શબ્દે સંસ્કૃતિનો દીપ પ્રગટે,
પ્રેમ, પરંપરા ને પરિવારથી દિવાળી સદા ઝળહળે.

"વહેતી" હર્ષિદા સુરતવાલા (મુંબઈ)
★★★★★★★
NOG SS NO : 421
વિષય : દિવાળીઃ પ્રકાશ અને સંસ્કૃતિનું પર્વ
શીર્ષક : દિવાળીઃ પ્રકાશ અને સંસ્કૃતિનું પર્વ
પ્રકાર : ગદ્ય
કુલ શબ્દો : ૨૮૦

ભારતવર્ષની ચેતના અને આત્મા સમાન દિવ્ય પર્વ એટલે દિવાળી. આ માત્ર દિવસો બદલાવવાનો કે કેલેન્ડરના પાના ફેરવવાનો ઉત્સવ નથી, પરંતુ અંતરના ઊંડા અંધકારને ઉલેચીને પરમ પ્રકાશ તરફ ગતિ કરવાનું એક અલૌકિક મહાપર્વ છે. દિવાળી આપણી ભવ્ય, પવિત્ર અને સનાતન ભારતીય સંસ્કૃતિનો એવો ઝળહળતો વારસો છે, જે યુગો-યુગોથી વૈશ્વિક સ્તરે માનવજાતને ભીતર અને બહારથી પ્રકાશિત કરતો આવ્યો છે.

જ્યારે મર્યાદા પુરુષોત્તમ પ્રભુ શ્રી રામચંદ્ર ચૌદ વર્ષનો કઠિન વનવાસ પૂર્ણ કરી અને અસુરરાજ રાવણ પર વિજય મેળવી અયોધ્યા પરત ફર્યા, ત્યારે હરખાયેલી પ્રજાએ ઘીના દીવડા પ્રગટાવીને સમગ્ર નગરીને નવવધૂની જેમ શણગારી હતી. એ ઐતિહાસિક અને મંગલમય ક્ષણ આજે પણ આપણી સંસ્કૃતિમાં સત્ય, સદાચાર અને ધર્મના શાશ્વત વિજયના પ્રતીક તરીકે જીવંત છે. દિવાળીનો આ જ તો અસલી આધ્યાત્મિક વૈભવ છે—જ્યાં કાળી ચૌદસની આસુરી શક્તિઓ અને નકારાત્મકતા પર ધનતેરસની વૈભવી સમૃદ્ધિ અને દિવાળીનો આત્મિક પ્રકાશ વિજય મેળવે છે. ત્યારબાદ બેસતા વર્ષનું નૂતન પ્રભાત માનવ સંબંધોમાં સ્નેહ અને આદરની નવી મધુર સુવાસ લઈને પ્રગટે છે.

ઘરના આંગણે હૃદયપૂર્વક દોરાતી રંગબેરંગી રંગોળીઓ અને ઉંબરે ટાંગેલા આસોપાલવના પવિત્ર તોરણો આપણી સમૃદ્ધ કલાત્મકતા અને સંસ્કારોના દર્શન કરાવે છે. પૃથ્વીના કોઈપણ ખૂણે કે સાત સમંદર પાર વસતો ભારતીય જ્યારે આ સ્નેહના દીવડા પ્રગટાવે છે, ત્યારે માતૃભૂમિની માટીની સુગંધ અને સંસ્કૃતિ સાથેનું તેનું જોડાણ વધુ દ્રઢ બને છે. તમામ વેરઝેર, અહંકાર અને ભૂતકાળની કડવાશ ભૂલીને એકબીજાને ભાવથી ગળે મળવાનો આ અવસર સામાજિક એકતા અને સમરસતાની અનોખી મિસાલ પૂરી પાડે છે.
આજના ભૌતિકવાદી અને દોડધામભર્યા આધુનિક યુગમાં, આ સાંસ્કૃતિક વારસાને હૃદયમાં જાળવી રાખવો એ જ આપણી સાચી મૂડી છે. સાચી દિવાળી ત્યારે જ સાર્થક ગણાશે જ્યારે આપણે બાહ્ય ઝાકઝમાળની સાથે સાથે આપણા હૃદયના ગર્ભગૃહમાં પણ કરુણા, અહિંસા, પ્રેમ અને જ્ઞાનનો દીવો સદાય પ્રજ્વલિત રાખીશું. આવો, આ મંગલમય પ્રકાશપર્વે આપણી સંસ્કૃતિના ગૌરવવંતા વારસાને વૈશ્વિક ફલક પર વધુ ઉન્નત અને ઉજ્જવળ બનાવીએ.
— સલિલ મહેતા 'જલન' (બ્રાઝિલ)
★★★★★★
NOGSS NO :158
વિષયઃ પ્રકાશનું પર્વ અને સંસ્કૃતિનો વારસો
શીર્ષકઃમાનવતા દીપ પ્રગટે
પ્રકારઃપદ્ય શબ્દોઃ૯૨

પ્રકાશનું અનોખું પર્વ અંતરમાં ઉજાસ,
સંસ્કૃતિના આ વારસામાં જ્ઞાનનો પ્રકાશ!

દીપોત્સવ પાવન મન ભાવન તહેવાર,
સંબંધોની રંગોળી દીવડાનો શણગાર!

ઈર્ષા રાગ દ્વેષ નહીં મન અંતરમાં ઉજાસ,
સુંદર રંગોળી ખુશીના રંગ ભીતરમાં ભીનાશ!

કરુણાના દીપ પ્રગટે સૌના હૃદયે ઉમંગ,
સૌના હૈયામાં જાગે હર્ષ મહેકે રંગ તરંગ!

સ્વ નુ દારૂખાનું
આભાર - નિહારીકા રવિયા ફોડી હું પણું કરીએ દૂર,
ચેહરા પર ફુલઝરી સમ? સ્મિત હોય મધુર!

'પ્રેમ' હૃદયમાં નવી આશા ઉત્સાહ ઉમંગ,
માનવતા દિપ પ્રગટે ભરીએ જીવન રંગ!

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' આદરીયાણા
★★★★★★
NOG SS NO.415
વિષયઃપ્રકાશનું પર્વ અને સંસ્કૃતિનો વારસો.
શીર્ષકઃદીપોત્સવી.
શબ્દો.૨૨૧.

પ્રકાશનું પર્વ અને સંસ્કૃતિનો વારસો.
ભારતીય સંસ્કૃતિના વિશાળ આકાશમાં દિવાળી એક એવું તેજસ્વી નક્ષત્ર છે, જે યુગોથી માનવજીવનને પ્રકાશિત કરતું આવ્યું છે. દિવાળી માત્ર દીપોત્સવ નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિની આત્મા, પરંપરાની સુવાસ અને માનવતાની દિવ્ય અનુભૂતિનું પર્વ છે. અંધકારના ગર્ભમાંથી પ્રકાશનો જન્મ થાય અને નિરાશાના આકાશમાં આશાનું સૂર્યોદય થાય, એ જ દિવાળીનો શાશ્વત સંદેશ છે.
દિવાળીના આગમન સાથે ધરતી જાણે નવવધૂની જેમ શણગાર સજે છે. આંગણામાં રંગોળીના રંગો સંસ્કૃતિનાં સપનાં આલેખે છે, દીવડાઓની હારમાળા મંગલમય ભાવનાઓનું ગાન ગાય છે અને ઘરમાં પ્રગટતી સુગંધ સંબંધોની મીઠાશને વધુ ગાઢ બનાવે છે. લક્ષ્મીપૂજનની પવિત્રતા, વડીલોના આશીર્વાદની અમૃતધારા અને સ્વજનોના મિલનનો આનંદ ભારતીય જીવનશૈલીની અનોખી ઓળખ છે.
આ પર્વ આપણને માત્ર ઉજવણી શીખવતું નથી, પરંતુ જીવનના ઊંડા મૂલ્યોનું સ્મરણ કરાવે છે. પ્રેમ, કરુણા, ક્ષમા, સહિષ્ણુતા અને પરોપકાર જેવા સંસ્કારો એ આપણી સંસ્કૃતિના અમૂલ્ય રત્નો છે. દિવાળીની સાચી જ્યોતિ ત્યારે જ પ્રજ્વલિત થાય છે, જ્યારે આપણે કોઈના જીવનમાં આશાનો દીપ પ્રગટાવીએ અને દુઃખના અંધકારને સ્નેહથી દૂર કરીએ. આધુનિકતાના ઝળહળતા યુગમાં પણ સંસ્કૃતિનો આ વારસો અખંડ રહે તે આવશ્યક છે. પરંપરાનું જતન અને નવીનતાનો સ્વીકાર એ જ સંસ્કૃતિની સાચી સમૃદ્ધિ છે.
અંતે, દિવાળી એ દીપથી દીપ પ્રગટાવવાની અને હૃદયથી હૃદય જોડવાની પવિત્ર પરંપરા છે. દીવડાની નાનકડી જ્યોતિ જેમ અંધકારને પડકારે છે, તેમ સંસ્કૃતિનો વારસો માનવતાને ઉજ્જવળ ભવિષ્ય તરફ દોરી જાય છે. પ્રકાશનું આ પર્વ આપણા અંતરમાં જ્ઞાન, જીવનમાં સદભાવ અને સમાજમાં સંસ્કારનો અખંડ દીપ પ્રગટાવતું રહે, એ જ દિવાળીની સાચી સાર્થકતા છે.
અસ્તુ. "સ્નેહિલ"સ્નેહલ વ્યાસઠાકર .

શુભ દિપાવલી દરમિયાન થતી વિવિધ પ્રકારની પૂજાઓઃએક વિસ્તૃત દર્શન!

(શકિત ભકિત ઉપાસકઃમહર્ષિ વિપુલ અંબાજીવાલા)

દિપાવલી એ માત્ર દીવડાઓનો તહેવાર નથી, એ પ્રકાશથી અંધકાર તરફથી જ્ઞાન તરફની યાત્રા છે. સંસ્કૃતમાં કહ્યું છે - તમસો મા જ્યોતિર્ગમય. દિવાળીના પાંચ દિવસ દરમિયાન થતી દરેક પૂજા પાછળ એક તત્વજ્ઞાન, એક વિજ્ઞાન અને એક સમાજદર્શન છુપાયેલું છે. આજે આપણે ફટાકડા અને ભેટ-સોગાદો વચ્ચે એ મૂળ પૂજાઓને ભૂલી રહ્યા છીએ.

આ રહી દિપાવલીની પાંચ દિવસની સંપૂર્ણ પૂજા-પરંપરા -

૧. વાઘ બારસ અને ગોવત્સ દ્વાદશી - ધન અને પશુધનની પૂજા
દિવાળીની શરૂઆત વાઘ બારસથી થાય છે. આ દિવસે ગાય અને વાછરડાની પૂજા થાય છે. ખેડૂત સંસ્કૃતિમાં ગાય એ માત્ર પશુ નથી, એ અર્થવ્યવસ્થા છે. ગાયનું છાણ, ગૌમૂત્ર, દૂધ - ત્રણેયથી સમૃદ્ધિ આવે છે. આ દિવસે સવારે ગાયને સ્નાન કરાવી, કંકુ ચોખા કરી, લાડુ ખવડાવવામાં આવે છે. આ કૃતજ્ઞતાની પૂજા છે. જે આપે છે તેને યાદ રાખવાની પૂજા.

બીજી તરફ આ જ દિવસે વેપારીઓ ચોપડા-પૂજનની તૈયારી શરૂ કરે છે. જૂના ચોપડાનો હિસાબ પૂરો કરી નવા ચોપડામાં શ્રી ગણેશ લખાય છે.

૨. ધનતેરસ - ધન્વંતરિ, યમ અને લક્ષ્મીની ત્રિવેણી પૂજા
આસો વદ તેરસ એટલે ધનતેરસ. આ દિવસે ત્રણ પૂજા ભેગી થાય છે.

પહેલી - ભગવાન ધન્વંતરિની પૂજા. સમુદ્ર મંથનમાંથી અમૃત કળશ લઈને પ્રગટ થયેલા આરોગ્યના દેવતા. આ દિવસે આરોગ્ય માટે પ્રાર્થના થાય છે. કહેવાય છે કે ધનતેરસે વાસણ ખરીદવું એ ધન્વંતરિના અમૃત કળશનું પ્રતીક છે.

બીજી - યમદીપ દાન. આ દિવસે સાંજે ઘરની બહાર દક્ષિણ દિશામાં તલના તેલનો ચાર મુખવાળો દીવો મૂકવામાં આવે છે. યમરાજને પ્રાર્થના કરવામાં આવે છે કે અકાળ મૃત્યુ હરો. આ મૃત્યુના ભયમાંથી મુક્તિની પૂજા છે.

ત્રીજી - ધન લક્ષ્મી પૂજા. સોના-ચાંદી, સિક્કા અને નવા વાસણની પૂજા. પણ સાચું ધન તો સંતોષ છે, એ આ પૂજા શીખવે છે.

૩. કાળી ચૌદસ - શક્તિ અને રક્ષાની પૂજા
ઘણા લોકો આને ભૂત-પ્રેતનો દિવસ માને છે, પણ હકીકતમાં આ મહાકાળીની પૂજા છે. અસુર શક્તિ પર દૈવી શક્તિનો વિજય. આ દિવસે હનુમાનજીની વિશેષ પૂજા થાય છે. સુરત-ગુજરાતમાં ઘણા ઘરોમાં આ દિવસે કાળી ચૌદસની રાત્રે હનુમાનજીને તેલ અને સિંદૂર ચડાવવામાં આવે છે.

આ દિવસે નજર ઉતારવાની, રક્ષા કવચ બનાવવાની પરંપરા છે. ઘરના નાના બાળકોને કાજળનું ટીલું કરવામાં આવે છે. આ એક મનોવૈજ્ઞાનિક રક્ષા કવચ છે.
૪. દિવાળી - મહાલક્ષ્મી, મહાસરસ્વતી અને મહાકાલીની મહાપૂજા
આ મુખ્ય દિવસ છે. સાંજે પ્રદોષ કાળમાં લક્ષ્મી પૂજન થાય છે.

આ પૂજામાં પાંચ દેવી-દેવતાનું સ્થાપન થાય છે -
૧. ગણપતિ - વિઘ્નહર્તા, શરૂઆતના દેવ.
૨. લક્ષ્મીજી - ધન, વૈભવ, સમૃદ્ધિ.
૩. સરસ્વતીજી - બુદ્ધિ, વિદ્યા, ડહાપણ વગર લક્ષ્મી ટકતી નથી.
૪. કુબેર - તિજોરીના રક્ષક.
૫. ચોપડા - વ્યવસાય એ જ ધર્મ.

આ પૂજામાં કમળના ફૂલ, સોના-ચાંદીના સિક્કા, ધાણા-ગોળ, કમળકાકડીનું મહત્વ છે. લક્ષ્મીજીને સફેદ નહીં, ગુલાબી કમળ પ્રિય છે. કારણ કે સફેદ એ સરસ્વતીનું છે, લક્ષ્મીને શ્રૃંગાર પ્રિય છે.

આ જ રાત્રે વેપારીઓનું ચોપડા પૂજન થાય છે. નવા ચોપડા પર "શુભ" "લાભ" લખીને કંકુથી સ્વસ્તિક કરવામાં આવે છે. પહેલો હિસાબ લક્ષ્મીજીના નામે લખાય છે.

૫. બેસતું વર્ષ - ગોવર્ધન અને અન્નકૂટ પૂજા
કારતક સુદ એકમ એટલે નવું વર્ષ. આ દિવસે ગોવર્ધન પૂજા થાય છે. શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વત ઉપાડીને વ્રજવાસીઓની રક્ષા કરી હતી. આ પ્રકૃતિની પૂજા છે. પર્વત, વરસાદ, ગાયોની પૂજા.
આ જ દિવસે અન્નકૂટ - ગોવર્ધન પર્વત જેવો અન્નનો ઢગલો કરીને ભગવાનને ૫૬ ભોગ ધરાવવામાં આવે છે. ખેડૂત પોતાના નવા અનાજ માટે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે.

૬. ભાઈબીજ - યમ દ્વિતીયા - સંબંધોની પૂજા
છેલ્લો દિવસ ભાઈ-બહેનના પવિત્ર બંધનનો. યમુનાએ પોતાના ભાઈ યમને આ દિવસે તિલક કરીને લાંબા આયુષ્યની કામના કરી હતી. બહેન ભાઈને તિલક કરે છે, ભાઈ બહેનની રક્ષાનું વચન આપે છે.

આ દિવસે કોઈ મંત્ર નથી, કોઈ હવન નથી. માત્ર બે હૃદયની પૂજા છે.

નિષ્કર્ષ -
દિવાળીની દરેક પૂજા આપણને કંઈક શીખવે છે. વાઘ બારસ કહે છે - જે આપે છે તેનો આભાર માનો. ધનતેરસ કહે છે - આરોગ્ય જ સાચું ધન છે. કાળી ચૌદસ કહે છે - ડરને હરાવો. દિવાળી કહે છે - બુદ્ધિ વગર લક્ષ્મી અંધ છે. બેસતું વર્ષ કહે છે - પ્રકૃતિને પૂજો. અને ભાઈબીજ કહે છે - સંબંધથી મોટું કોઈ ધન નથી.

આજે આપણે દીવડા તો ઘણા પ્રગટાવીએ છીએ, પણ જો આ પૂજાઓનો મર્મ સમજીને એક દીવો મનમાં પ્રગટાવીએ તો જ સાચી શુભ દિપાવલી થાય!દિપાવલીની હાર્દિક શુભકામનાસહ નૂતન વર્ષાભિનંદન!જયઅંબે.
(લેખકઃમહર્ષિ વિપુલ અંબાજીવાલા)

જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદને કચ્છ અંજાર ખાતે એવોર્ડ એનાયત કરવામાં આવ્યા



જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશન ઉબીનું વાર્ષિક અધિવેશન કચ્છ અંજાર ખાતે યોજાયુ જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદનું વિવિધ શ્રેણીઓમાં આશરે ૩૦ જેટલા એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું.સેવા, સમર્પણ, સમાજ કલ્યાણ અને માનવતાના કાર્યોને સમર્પિત જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદની આ સિદ્ધિ સમગ્ર ગ્રુપ માટે ગૌરવ અને આનંદની ક્ષણ બની રહી છે.

વર્ષ દરમિયાન કરવામાં આવેલી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ, સમાજલક્ષી પ્રકલ્પો અને લોકહિતના કાર્યોની આ એવોર્ડ્સના માધ્યમથી સુંદર સરાહના કરવામાં આવી છે.આ સન્માન માત્ર એવોર્ડ નથી, પરંતુ ગ્રુપના દરેક સભ્યની નિષ્ઠા, મહેનત, સેવાભાવ અને ટીમવર્કની અમૂલ્ય ઓળખ છે.

સેવા એ જ સંકલ્પ... સમર્પણ એ જ શક્તિ... અને સમાજકલ્યાણ એ જ અમારું લક્ષ્ય!જાયન્ટ્સ ગ્રુપ ના વર્લ્ડવ્યુટી ચેરમેન નુરુદિન સાહેબ સેવવાલા ૩૦ ફેડરેશન પ્રમુખ ડોક્ટર મધુકાંત આચાર્ય તથા આદરણીય શ્રી તેજાભાઈ કાનગડ તથા એવોર્ડ કમિટીના ચેરમેન કેતનભાઈ રોજેસરા ડેપ્યુટી ચેરમેન નિષદભાઈ મહેતા સ્પેશિયલ કમિટી ચેરમેન મેમ્બર શાંતિલાલભાઈ પટેલ ફેડરેશન સેક્રેટરી પ્રદીપભાઈ જોશી દ્વારા જાયન્ટ્સ ગ્રુપ બોટાદ ની આ ટીમ દ્વારા કરવામાં આવતી સેવાકીય પ્રવૃત્તિને બિરદાવવામાં આવી તેમજ ટીચર્સ ગ્રુપ અંજાર દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતીઆ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદના તમામ સભ્યો, હોદ્દેદારો અને સહયોગીઓને હાર્દિક અભિનંદન.

“કહીં ગૂમ ન હો જાયે – સીઝન ૯”ની ગુજરાત રાજ્યસ્તરીય ફાઇનલ સ્પર્ધાનું સફળતાપૂર્વક સમાપન

અમદાવાદ, ૩૧ ઑક્ટોબર, ૨૦૨૬: ભારતની પરંપરાગત અને લુપ્ત થતી જતી રસોઈકળા તથા વાનગીઓનું જતન અને સંવર્ધન કરવાના ઉદ્દેશથી આયોજિત રાષ્ટ્રીય રસોઈ સ્પર્ધા ★“કહીં ગૂમ ન હો જાયે – સીઝન ૯”★ની ગુજરાત રાજ્યસ્તરીય ફાઇનલ સ્પર્ધાનું અમદાવાદના વિવાંતા એસ.જી. હાઇવે ખાતે ઉત્સાહભેર સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગુજરાતનાં ૧૨ શહેરોમાંથી કુલ ૬૧ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

સ્પર્ધામાં સુશ્રી પૂજા કુલદીપ મહેતાને ગુજરાત રાજ્ય વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં, જ્યારે સુશ્રી હેતલ ત્રિવેદીએ પ્રથમ રનર-અપનું સ્થાન મેળવ્યું હતું.

આ પ્રસંગે શ્રી દિલીપ ઠક્કર (કો-ચેપ્ટર હેડ, ફૂડ ઈઝ્ઝ અમદાવાદ) તથા શ્રી અનિલ મૂળચંદાની (ફૂડ રાઇટર અને બ્લોગર) મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આ રાષ્ટ્રીય સ્પર્ધાનું આયોજન નોંધાયેલી બિનસરકારી સંસ્થા નૈ‘જ ચૈટ્ટી મ્હઠા દ્વારા કરવામાં આવે છે. આ સંસ્થાની સ્થાપના સ્વર્ગસ્થ સુશ્રી બબીતા સક્સેનાએ વર્ષ ૨૦૧૬માં કરી હતી. તેમના અવસાન બાદ સહ-સ્થાપક કર્નલ અતુલ સક્સેનાના માર્ગદર્શન હેઠળ આ અભિયાન સતત આગળ વધી રહ્યું છે.

આ સીઝનની થીમ “સ્અ જ્ઞંટ્ઠીૅ હ સ્અ ઁઁટ્ઠી” રાખવામાં આવી છે. જેનો મુખ્ય ઉદ્દેશ ભારતની વિવિધ પ્રાદેશિક રસોઈ પરંપરાઓ અને પરંપરાગત વાનગીઓને જાળવી રાખી નવી પેઢી સુધી પહોંચાડવાનો છે. આ અનોખી પહેલને પદ્મશ્રી સન્માનિત સેલિબ્રિટી શેફ સંજીવ કપૂર, રણવીર બ્રાર, વિકાસ ખન્ના તથા બોલિવૂડ અભિનેત્રી સુચિત્રા પિલ્લઈનો સહયોગ અને સમર્થન પ્રાપ્ત થયું છે.

આ સ્પર્ધા ભારતનાં ૨૦થી વધુ સ્થળો ઉપરાંત કેનેડા, ન્યૂઝીલેન્ડ અને અમેરિકામાં પણ યોજાઈ રહી છે. ગુજરાતના પ્રથમ બે વિજેતાઓ દ્બઈ ખાતે યોજાનારી રાષ્ટ્રીય ગ્રાન્ડ ફિનાલેમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ ત્રણ વિજેતાઓ માટે કુલ રૂ. ૧,૫૦,૦૦૦ની ઇનામની રકમ નિર્ધારિત કરવામાં આવી છે.

આયોજકોએ વિવાંતા એસ.જી. હાઇવેની સમગ્ર ટીમનો સફળ આયોજન અને ઉત્તમ મહેમાનગતિ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.



સાથે જૈં ઉૅંસ્ના પ્રિન્સિપાલ શ્રી કલ્યાણ મુખર્જીનો વિશેષ આભાર માનવામાં આવ્યો હતો. તેમણે પોતાની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિથી કાર્યક્રમની શોભા વધારી હતી. તમામ વિજેતાઓને ટ્રોફી એનાયત કરી સન્માનિત કર્યા હતા તથા પોતાના પ્રેરણાદાયી સંબોધન દ્વારા સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો.

સ્પર્ધાના નિર્ણાયક મંડળમાં સામેલ શેફ ચંદન, શેફ હિના ગૌતમ અને શેફ પ્રવીણ ઝાના નિષ્પક્ષ મૂલ્યાંકન તથા અમૂલ્ય યોગદાન બદલ પણ આયોજકો દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ગુજરાત આયોજન ટીમ અને સહયોગીઓ

ગુજરાત રાજ્યના આ આયોજનનું નેતૃત્વ રાજ્ય સંયોજક સુશ્રી અપેક્ષા (અપરા) નિગમ દ્વારા કરવામાં આવ્યું હતું. સહ-સંયોજક સુશ્રી સુભદ્રા પટેલ, સુશ્રી અંજુ શ્રીવાસ્તવ અને સુશ્રી કવિતા વચરા જાનીએ પણ આયોજનને સફળ બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

આયોજકોએ ગિફ્ટિંગ પાર્ટનર્સ કરામત, ફોર્ચ્યુન, મોલ્ડ બેરી, મુરમુર અને પિંક એન્ડ બ્લુ તેમજ મીડિયા પાર્ટનર જન ફરિયાદ, ન્યૂઝ ઓફ ગાંધીનગર નો વિશેષ આભાર વ્યક્ત કરી ટ્રોફી આપી સન્માન કર્યું હતું.

આંચલ એવોર્ડ – મહિલાઓની સિદ્ધિઓને સન્માન

કાર્યક્રમનું એક વિશેષ આકર્ષણ ‘આંચલ એવોર્ડ’ રહ્યું હતું. આ એવોર્ડની પરિકલ્પના ગુજરાત રાજ્ય સંયોજક સુશ્રી અપરા નિગમ દ્વારા કરવામાં આવી હતી.

★“દરેક આંચલમાં એક કહાની, દરેક કહાનીમાં એક જીત”★ની ભાવના સાથે શરૂ કરવામાં આવેલી આ પહેલ અંતર્ગત પોતપોતાના કાર્યક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરનાર ચાર વિશિષ્ટ મહિલાઓને સન્માનિત કરવામાં આવી હતી.આ એવોર્ડનો મુખ્ય હેતુ મહિલાઓના સંઘર્ષ, સમર્પણ અને સફળતાની વણકહી કહાનીઓને ઓળખ અને સન્માન આપવાનો તથા તેમની સિદ્ધિઓ દ્વારા અન્ય મહિલાઓને પ્રેરણા આપવાનો છે.આ પહેલ મહિલા સશક્તિકરણ, મહિલાઓના સન્માન અને આત્મવિશ્વાસને સમર્પિત એક સરાહનીય પ્રયાસ બની રહી છે.

વિશ્વકોશ સંકુલમાં યોજાયું અલગ પ્રકારનું વિશિષ્ટ પ્રદર્શન : નિષ્ણાંત કલાકારો ની કલા જોવા મળશે

અમદાવાદ: અમદાવાદ શહેરમાં વિશ્વકોશ સંકુલમાં એક અલગ પ્રકારનું પ્રદર્શન ઈન્ડિયા આર્ટ ફેર દ્વારા યોજવામાં આવ્યું છે. જેમાં ૬૦૦ વર્ષ જૂના અમદાવાદની ગુજરી બજારની કેટલીક ચીજ વસ્તુઓ , પેઇન્ટિંગ્સ, સ્કલ્પચર્સ સાથે પેચ વર્ક જેવી કળાનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. આયોજિત અમદાવાદ કલ્ચરલ વીકમાં જુદા-જુદા વિષયના નિષ્ણાત કલાકારોએ ભાગ લીધો છે. ગુજરાત વિશ્વકોશમાં મુકવામાં આવેલી આ અનોખું આર્ટ ફોમ ધ બઝાર ટુ ધ કેનન, અ ક્લાઇમેટ કલ્ચર એક્ઝિબિશન પ્રિયા અધ્યારુ મહેતા દ્વારા તૈયાર કરી રજૂ કરવામાં આવ્યું છે. રસિકલાલ પરીખ, અમિત અંબાલાલ, પીરીજી સાગ્રા, વૃંદાવન સોલંકી, રતિલાલ



કાંસોદરિયા થી માંડી આજની પેઢીના કલાકારોની કલા આ વિશિષ્ટ પ્રદર્શનમાં રજૂ કરવામાં આવી છે. આ પ્રદર્શનમાં જેમની કલા રજૂ કરવામાં આવી છે એવા સંવેદના વૈશ્ય ફોમ બઝાર ટુ ધ કેનનની વિશિષ્ટતા એ છે કે અત્યારે પર્યાવરણની પરિસ્થિતિ પૃથ્વી પરનું બદલાતું વાતાવરણ એટલેકે ક્લાઇમેટ ચેન્જને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. એક અલગ વિચાર સાથે તમામ પ્રકારના કલાકારોની કલાને રજૂ કરવામાં આવી છે. મારી જ આર્ટની વાત કરું તો ઈશાવાસ્યમ ઇદં સર્વમપઆ બ્રહ્માંડમાં જે કંઈ પણ અસ્તિત્વ ધરાવે છે. એ બધું જ ઈશ્વર થી પ્રાપ્ત છે. દરેક કણમાં ઈશ્વરનો વાસ છે. જે શ્લોકને આર્ટ દ્વારા રજૂ કરી છે.

આમાં ભાગ લેનાર દરેક કલાકારને આ કન્સેપ્ટથી અલગ જ અનુભુતિ છે. ભારવી ત્રિવેદીએ પણ ગુજરાત ભારતના નકશાની ભવિષ્યની પરિસ્થિતિને પોતાની કળા દ્વારા રજૂ કરી છે. આ આર્ટ એક્ઝિબિશનમાં મોનલ શાહના એક આર્ટ વર્કમાં ગાયો દેખાય છે. જે જુદી જુદી સાડીમાંથી પેચવર્ક તૈયાર કરાયું છે. જેનું નામ છે પસ્કેર્ડ ટેપેસ્ટ્રી..પવિત્રતા અને આધ્યાત્મિકતાથી તૈયાર કરેલું પ

મોટાભાગે ગ્રંથ નિર્માણ, પ્રબુધ્ધ લોકોના વક્તવ્યો, સંવાદ, સેમિનાર જે સ્થળે થાય છે. એ ગુજરાત વિશ્વકોશમાં અમદાવાદ કલ્ચરલ વીકનું આ ફોમ બઝાર ટુ કેનન આર્ટ એક્ઝિબિશન, રવિવારી બજારનું કલેક્શન દર્શનીય છે. -વસંત મહેતા (દાદુ)



ડાંગ જિલ્લાના સર્વાંગી વિકાસ અને માળખાકીય સુવિધાઓને વેગ આપવા રાજ્ય સરકાર દ્વારા અંદાજે રૂ. ૧૨૮ કરોડ ૧૫ લાખ કરોડોના મહત્વપૂર્ણ રસ્તા તથા બ્રિજના કામોને સૈદ્ધાંતિક મંજૂરી

ડાંગ આહવા : તા : ૩: ડાંગ જિલ્લાના છેવાડાના વિસ્તારો સુધી સુદ્રઢ કનેક્ટિવિટી પૂરી પાડવા અને વાહનવ્યવહાર વધુ સુગમ બનાવવા માટે ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા જિલ્લામાં માર્ગ વિસ્તૃતિકરણ અને મહત્વના મેજર બ્રિજના નિર્માણ કાર્યો માટે કરોડો રૂપિયાની સૈદ્ધાંતિક મંજૂરીઓ આપવામાં આવી છે. આ પ્રજાલક્ષી નિર્ણયો બદલ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઇ પટેલે રાજ્ય સરકારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ડાંગ જિલ્લામાં નીચે મુજબના મહત્વના કામોને સૈદ્ધાંતિક મંજૂરી પ્રદાન કરવામાં આવી છે. જેમાં ૧. ગોંડલવિહીર - લશ્કરીયા - સુબીર રોડ પહોળો કરવાનું કામ. જેમાં ગોંડલવિહીર - લશ્કરીયા - સુબીર રોડ (ચેઇનેજ ૬/૦૦ થી ૨૯/૧૭૫) ને ૭.૫૦ મીટરમાંથી ૧૦.૦ મીટર પહોળો (વાયડનીંગ એન્ડ સ્ટ્રેન્થનીંગ) કરવા માટે ઓ.પી.આર.સી. (ઁઇઝ) પદ્ધતિ હેઠળ અંદાજિત રૂ. ૫૧.૯૭ કરોડના કામને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

૨.વઘઇ - ડુંગરડા - ભેંસકાતરી રોડ પર બોરીગાંવઠા બ્રિજ. જેમાં વઘઇ - ડુંગરડા - ભેંસકાતરી રોડ પર ચેઇનેજ ૮/૨૦૦ થી ૮/૪૦૦ વચ્ચે બોરીગાંવઠા મેજર બ્રિજના નિર્માણ માટે અગાઉ મંજૂર કરાયેલ રૂ. ૧૦૨૧.૩૦ લાખની સામે વધારીને રૂ. ૧૮૩૨.૪૮ લાખ (રૂ. ૧૮.૩૨ કરોડથી વધુ)ની સુધારેલી સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.૩.આહવા - નવાપુર રોડ પર ત્રણ હાઈ લેવલ મેજર બ્રિજની કામગીરી (ઢઁઇ મંજૂરી) જેમાં આહવા - નવાપુર રોડ પર ત્રણ સ્થળોએ નવા હાઇ લેવલ બ્રિજ બનાવવા માટે ડી.પી.આર. (ઢઁઇ) હેઠળ સૈદ્ધાંતિક મંજૂરી

એએમએની વર્ષ ૨૦૨૬-૨૦૨૭ની પ્રથમ એક્ઝિક્યુટિવ કમિટીની મીટીંગ ૨ નવેમ્બર ૨૦૨૬ના રોજ યોજાઈ: સ્ટ્રેટેજિક થિંક ટેન્ક દ્વારા પ્લેટિનમ જ્યુબિલી ઉજવણી માટેના વિઝનને લોન્ચ કરાયું

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન(એએમએ)ના પ્લેટિનમ જ્યુબિલી ઉજવણી વર્ષ દરમિયાન, વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટેની એએમએની એક્ઝિક્યુટિવ કમિટીની પ્રથમ મીટીંગ ૨ નવેમ્બર ૨૦૨૬ના રોજ યોજાઈ હતી.એએમએના પ્રમુખ શ્રી રાજીવ ગાંધીએ કાઉન્સિલને સંબોધિત કરી અને વર્ષના ઉદ્દેશ્યો નક્કી કર્યા હતા. પ્લેટિનમ જ્યુબિલી વર્ષ માટેના મુખ્ય સ્ટ્રેટેજિક શૈક્ષણિક ક્ષેત્રો નીચે મુજબ નક્કી કરવામાં આવ્યા હતા:

૧. મેનેજમેન્ટ અને ઇન્ડસ્ટ્રીઝમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ

૨. સ્પોર્ટ્સ મેનેજમેન્ટ

૩. ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ

એએમએના ઉપપ્રમુખ શ્રી મોહલ સારાભાઈએ એએમએની મુખ્ય ક્ષમતા - શૈક્ષણિક બાબતો પર ભાર મૂક્યો હતો અને સમાજ તથા વ્યાવસાયિક જગતની પ્રવર્તમાન જરૂરિયાતોને અનુરૂપ વિવિધ અભ્યાસક્રમોને વધુ બહેતર બનાવવા પર ભાર મૂક્યો હતો.

એએમએ એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં ૫૮ સભ્યો છે:

૧૮ પૂર્વ પ્રમુખો

૧૧ ચૂંટાયેલા સભ્યો

૧ કો-ઓપ્ટેડ (સહ-ચૂંટાયેલ) સભ્ય

૨૮ આમંત્રિત સભ્યો

એએમએના સંચાલન અંગેના નિર્ણયો લેવા માટે દર મહિનાના પ્રથમ સોમવારે એક્ઝિક્યુટિવ કમિટીની મીટીંગ યોજાય છે.દૈનિક વહીવટ એએમએના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી ઉન્મેષ દીક્ષિત અને તેમની ટીમ દ્વારા સંભાળવામાં આવે છે.

એએમએ વિશે:

✕ ભારતીય અંતરીક્ષ કાર્યક્રમના પિતા ડૉ. વિક્રમ સારાભાઈ દ્વારા ૧૯૫૬માં સ્થાપના કરવામાં આવી હતી, તેઓ એએમએના સ્થાપક પ્રમુખ હતા.

✕ એએમએ જ્ઞાન અને અનુભવના માધ્યમથી મેનેજમેન્ટ ક્ષેત્રની ૭૦ વર્ષની સેવાઓનો મજબૂત વારસો ધરાવે છે.

✕ એએમએ ઉદ્યોગમાં આવતા ફેરફારો પ્રત્યે જાગૃત રહે છે જેથી પ્રોફેશનલ્સને ભવિષ્ય માટે આવશ્યક કૌશલ્યો માટે સજ્જ કરી શકાય.

વધુ વિગતો માટે, કૃપા કરીને એએમએ વેબસાઈટની મુલાકાત કરો.

બિડાણ:

૧. એક્ઝિક્યુટિવ કમિટીનો ફોટો

૨. એક્ઝિક્યુટિવ કમિટીની ડિરેક્ટરી



ફોટો કેપ્શન:

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનની એક્ઝિક્યુટિવ કમિટીના સભ્યો

ડાબેથી જમણે:

શ્રી ઉન્મેષ દીક્ષિત (એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, એએમએ); શ્રી પ્રશાંત ગાંધી; શ્રી એસ.બી. ડાંગાયચ; પ્રો. પ્રદ્યુમ્ન વ્યાસ; શ્રી અમોલી શાહ; શ્રી અંકુર પટેલ; શ્રી રીના ભગવતી; શ્રી વિશ્વેશ પટેલ; પદ્મશ્રી ડૉ. જે. એમ. વ્યાસ; શ્રી અલ્પેશ પરીખ; શ્રી સંદીપ એન્જિનિયર; ડૉ. જૈમિન વાસા; શ્રી દિવ્યેશ રાડિયા; શ્રી યતીન્દ્ર આર. શર્મા; શ્રી રાજીવ ગાંધી (પ્રમુખ, એએમએ); શ્રી મોહલ સારાભાઈ (ઉપપ્રમુખ, એએમએ); શ્રી રોહિત પટેલ; ડૉ. સાવન ગોડિયાવાલા; ડૉ. શૈલેષ ગોયલ; શ્રી આદિત્ય શર્મા; શ્રી કાર્તિકેય વી. સારાભાઈ; શ્રી પદ્મિન બુચ; શ્રી અંબર પટેલ; ડૉ. સુનીલ પારેખ; શ્રી અજય તોમર; શ્રી ઋતુજા આર. પટેલ; શ્રી થૉમસન જોસ; ડૉ. જૈનિલ શાહ

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat